જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૮/૨૦૨૨ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૫૪૧/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦ | ૨,૬૬,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૫૫ લીટર દેશી દારૂ, ૧૧૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૧,૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૪/૨૦૨૨**

**મણીનગરઃ** ચેતનકુમાર જેઠાલાલ શાહ (ઉ.વ.૪૩) (રહે. છગનલાલ આર્યપાર્ક સોસાયટી મંગલેશ્વર મહાદેવ પાસે ઘોડાસર) એ તા.૨૮/૦૮/૨૦૨૨ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૨/૨૦૧૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) બિમલભાઈ દશરથલાલ પરીખ (રહે. હેરીટેઝ રેસીડેન્સસી થલતેજ શીલજ રોડ થલતેજ ગામ) (૨) નરેન્દ્રભાઈ સી. શાહ (રહે. અરવિંદપાર્ક સોસાયટી ભૈરવનાથ રોડ મણીનગર) (૩) હેમંતભાઈ મનુભાઇ શાહ (રહે. કર્મન્ય એપાર્ટમેન્ટ મોતીલાલ હોસ્પીટલ પાસે આંબાવાડી) (૪) પંકજભાઈ કાન્તિલાલ શાહ (રહે. ગોલ્ડન પુ.લી.ય.કો.ઓ.સોસા.શ્રેયાંસ ફાઉન્ડેશન પાછળ માણેકબાગ ટોલનાકા પાસે માણેકબાગ) (૫) જીતુભાઇ દશરથલાલ શાહ (રહે. શ્યામલ રો-હાઉસ વિભાગ-૩/બી સેટેલાઇટ) (૬) પંકજભાઈ ચંદુલાલ શાહ (રહે. લાવણ્ય સોસાયટી પાલડી રોડ જીવરાજ હોસ્પીટલ પાસે પાલડી) (૭) હિમાંશુભાઈ કીર્તીકુમાર પરીખ (રહે. વાકુંજ જૈન મરચંન્ટ સોસાયટી સામે પાલડી) (૮) હેમંત રમેશચંદ્ર શાહ (સી.એ.) (રહે. મેઝેનાઇન ફ્લોર વિઠ્ઠલભવન સરદાર પટેલ રેલ્વે ક્રોસીંગની બાજુમાં નારણપુરા) (૯) પ્રીન્સીપાલ રૂતેષ આર.શાહ (રહે. સ્નેહ સરીતા એપાર્ટમેન્ટ પુષ્પકુંજ સોસાયટી કાંકરીયા મણીનગર) એ ભેગા મળી મણીનગર બાઇ જીવકોરબા ટ્રસ્ટ સંચાલીત “કે.કે.જરોદવાળા સાયન્સ કોલેજ” ખાતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી તરફથી સોઇલ ટેસ્ટ માટે આવતી ગ્રાન્ટની રકમ મેળવી લેવાના ઈરાદે ટ્રસ્ટ સંચાલીત સંસ્થાના નામે ખોટી રીતે દેના બેંકમાં ખાતુ ખોલાવી તેમાંથી નાણાં ઉપાડી, ખોટા બીલો બનાવી તથા બિલોને લગતું ખોટુ રેકર્ડ બનાવી તથા ખોટા ઓડીટ રીપોર્ટ તેમજ ગ્રાન્ટ યુટીલાઇજેશન સર્ટિફિકેટ તેમજ વિદ્યાર્થી ઓના નામે ખોટા વાઉચર બનાવી તેમજ વિદ્યાર્થીઓને ગ્રાન્ટની રકમ ચુકવવાની હોવા છતાં કોઈ રકમ નહી ચુકવી ખોટા રેકર્ડ સરકારમાં રજુ કરી રૂપિયા ૧,૦૨,૮૪,૪૩૧/- ગ્રાન્ટ મેળવી લઇ સરકારશ્રી સાથે ઉચાપત કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.બી.ગોયલ ચલાવે છે.

**વટવાઃ** રશ્મીબહેન ડો/ઓ રાકેશકુમાર પાંડે (ઉ.વ.૩૬) (રહે. નારાયણ ક્રિષ્ટલ ફ્લેટ નવજીવન ફ્લેટની બાજુમાં વટવા) એ તા.૨૮/૦૮/૨૦૨૨ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.0૧/0૯/૨૦૨૧ ના રોજ રશ્મીબહેન પાંડેના મોબાઈલ ફોનમાં મોબાઈલ નંબર +૮૫૨૫૫૩૧૬૪૬૬ ના ધારકે એમેઝોનની લીંક મુકી વોટસએપ મેસેજ મોકલી જેમાં એમેઝોન પ્રોડક્ટની ડીલીવરી પેટે કમીશન આપવાની લોભામણી સ્કીમ મુકી પ્રોડક્ટ ઉપર ક્લીક કરવાનુ જણાવી રશ્મીબહેનના બેન્ક ખાતાની માહીતી મેળવી લઈ કુલ રૂપિયા ૫૩,000/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એ.ગઢવી ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૪૫/૨૦૨૨</u>**

**ઘાટલોડીયાઃ** કનુભાઇ આત્મારામ પટેલ (રહે. સી.પી.નગર વિભાગ-૨ અર્જુનટાવર સામે ઘાટલોડીયા) એ તા.૨૮/૦૮/૨૦૨૨ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૮/૨૦૨૨ સવારના ૫/00 થી તા.૨૭/૦૮/૨૦૨૨ સવારના ૧૧/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૪0,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી શૈલેષકુમાર દલસંગભાઇ ચલાવે છે.

**રાણીપઃ** રીટાબહેન વા/ઓ નરેન્દ્રભાઈ પટેલ (રહે. અયોધ્યા સોસાયટી નિલકંઠ મહાદેવ મંદીર પાસે બલોલનગર ચાર રસ્તા પાસે) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૨ સાંજના ૫/૩૦ થી તા.૨૮/૦૮/૨૦૨૨ સવારના ૪/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૨0,000/-મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.ગોહેલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૪૬/૨૦૨૨</u>**

**સાબરમતીઃ** ભરતભાઇ કેશવલાલ પટેલ (ઉ.વ.૫૩) (રહે. પ્રમુખ બંગ્લોઝ ન્યુ રાણીપ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૨ રાતના ૮/00 વાગ્યાના સુમારે પોતાના રહેણાંક નજીક ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૮/૨૦૨૨ રાતના ૮/૪0 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિહ વિજયસિહ ચલાવે છે.

**સરખેજઃ** રવિભાઇ કિરીટભાઇ સુદ્રા (ઉ.વ.૨૬) (રહે. મકરબા નવા બળીયાદેવના મંદિર પાછળ નવો ઠાકોર વાસ મકરબા ગામ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૮/૨૦૨૨ બપોરના ૧૨/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

**બાપુનગરઃ** હિરેન સ/ઓ ચંપકલાલ ખાટસુરિયા (ઉ.વ.૪૮) (રહે. આધુનિક પાર્ક સોસાયટી મંછાની મસ્જીદ પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૨ સવારના ૯/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૮/૨૦૨૨ સવારના ૧૧/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી વી.એમ.જાદવ ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** અંજલી રામપ્રસાદ દુબે (ઉ.વ.૨૦) (રહે. મહાલક્ષ્મી ઈન્ડ.એસ્ટેટ નવી વસાહત જશોદાનગર જીઆઈડીસી વટવા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૮/૨૦૨૨ કલાક ૧૧/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૮/૨૦૨૨ કલાક ૮/૫૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી